# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય મંત્રીમંડળે બે હજાર 585 કરોડ રૂપિયાના ખર્ચે 'સ્મોલ હાઇડ્રો પાવર ડેવલપમેન્ટ સ્કીમ' ને મંજૂરી આપી.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ઉત્તરપ્રદેશની ત્રણ દિવસની મુલાકાતે આજે અયોધ્યા પહોંચશે.

3) સરકારે ટોલ પાલન અને ડિજિટલ અમલીકરણને મજબૂત બનાવવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ ફી નિયમો 2026 માં સુધારા માટે જાહેરનામું બહાર પાડ્યું.

4) એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસ પશ્ચિમ એશિયા ક્ષેત્રમાંથી આજે 48 નિર્ધારિત અને ખાસ ઉડાનનું સંચાલન કરશે.

5) પાકિસ્તાન અને અફઘાનિસ્તાને ઈદ ઉલ-ફિત્રને ધ્યાનમાં રાખી કામચલાઉ યુદ્ધવિરામની જાહેરાત કરી.

6) શક્તિની ઉપાસનાના પર્વ ચૈત્રી નવરાત્રી અને નર્મદા પરિક્રમાનો આજથી પ્રારંભ.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CABINET - BRIEFING

કેન્દ્રીય મંત્રીમંડળે નાણાકીય વર્ષ 2026-27 થી 2030-31ના સમયગાળા માટે બે હજાર 585 કરોડ રૂપિયાના ખર્ચે 'સ્મોલ હાઇડ્રો પાવર ડેવલપમેન્ટ સ્કીમ' ને મંજૂરી આપી છે.

આ યોજનાનો ઉદ્દેશ્ય 1500 મેગાવોટની અંદાજિત ક્ષમતાવાળા સ્મોલ હાઇડ્રો પાવર પ્રોજેક્ટ્સ સ્થાપવાનો છે. આનાથી 15 હજાર કરોડ રૂપિયાનું રોકાણ થવાની સંભાવના છે. જે સ્વચ્છ ઉર્જા પહેલને વેગ આપશે, ગ્રામીણ વિસ્તારોમાં રોકાણ વધારશે અને રોજગારીની નોંધપાત્ર તકો ઉભી કરશે. મંત્રીમંડળે ભારત ઔદ્યોગિક વિકાસ યોજના હેઠળ 33 હજાર 660 કરોડ રૂપિયાની ફાળવણી સાથે 100 ઔદ્યોગિક પાર્ક વિકસાવવાની પણ મંજૂરી આપી છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે નવી દિલ્હીમાં મીડિયાને સંબોધન કરતાં મંત્રીમંડળના નિર્ણયો અંગે માહિતી આપી હતી....

## BYTE - ASHWINI VAISHNAW

# PRESIDENT AYODHYA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે અયોધ્યાની મુલાકાત લેશે. તેઓ ઉત્તરપ્રદેશની ત્રણ દિવસની મુલાકાતે આજે અયોધ્યા પહોંચશે અને શ્રી રામ જન્મભૂમિ મંદિરની મુલાકાત લેશે. તેઓ મંદિર સંકુલની અંદર વિવિધ સ્થળોએ દર્શન અને

આરતીમાં ભાગ લેશે અને શ્રી રામ યંત્ર સ્થાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ તેઓ મથુરા અને વૃંદાવન જશે.

# NATIONAL HIGHWAY RULE

સરકારે ટોલ પાલન અને ડિજિટલ અમલીકરણને મજબૂત બનાવવા માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ફી નિયમો 2026 માં સુધારા માટે જાહેરનામું બહાર પાડ્યું.

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે જણાવ્યું હતું કે આ સુધારો બાકી વપરાશકર્તા ફી ચૂકવણી માટે એક માળખાગત વસૂલાત પદ્ધતિ પ્રદાન કરે છે. તે ટોલ વસૂલાતના ડિજિટલ અમલીકરણને મજબૂત બનાવવા માટે રજૂ કરવામાં આવ્યો હતો. તેનો ઉદ્દેશ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર વપરાશકર્તા ફી ચૂકવણીની કાર્યક્ષમ અને પારદર્શક વસૂલાત સુનિશ્ચિત કરવાનો પણ છે.

નિયમ 14 હેઠળ સૂચિત બાકી વપરાશકર્તા ફી ચૂકવણીની વસૂલાત માટે માળખાગત પદ્ધતિમાં ટેકનોલોજી-સંચાલિત ઇલેક્ટ્રોનિક નોટિસ સિસ્ટમ (ઈ-નોટિસ) શામેલ છે. નોંધાયેલા વાહન માલિકોએ વાહનની વિગતો, તારીખ અને સ્થળ અને બાકી રકમનો ઉલ્લેખ કરતી નોટિસ સબમિટ કરવાની રહેશે. સુધારા મુજબ, ઈ-નોટિસના જવાબમાં ચૂકવવામાં આવતી વપરાશકર્તા ફી વાસ્તવિક ટોલ ફી કરતા બમણી હશે.

નિયમમાં વાહન ડેટાબેઝ સાથે રાષ્ટ્રીય ઇલેક્ટ્રોનિક ટોલ કલેક્શન સિસ્ટમના એકીકરણની પણ જોગવાઈ છે જેથી વાહનોની સરળ ઓળખ અને બાકી ફી લાગુ કરી શકાય. મંત્રાલયે જણાવ્યું હતું કે આ સુધારો ટોલ કામગીરીમાં પારદર્શિતાને પ્રોત્સાહન આપશે, રોકાણકારોનો વિશ્વાસ જગાડશે અને કાનૂની અને નાણાકીય

સુરક્ષા પૂરી પાડશે. આ સુધારો દેશમાં પાલન પદ્ધતિને મજબૂત બનાવવા અને આધુનિક, કાર્યક્ષમ અને મુશ્કેલી-મુક્ત ટોલિંગ સિસ્ટમને ટેકો આપવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

# MORN IMD-WEATHER

હવામાન વિભાગે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં આવતીકાલ સુધી ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આજે દિલ્હી, પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, ચંદીગઢ, છત્તીસગઢ, પૂર્વ મધ્યપ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, ઓડિશા અને પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં કરા સાથે વરસાદની સંભાવના છે.

આજે આંધ્રપ્રદેશ, ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તર આંતરિક કર્ણાટક, તેલંગાણા અને વિદર્ભમાં પણ આવું જ હવામાન રહેશે. આજે દરિયાકાંઠાના કર્ણાટક, કોંકણ, ગોવા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, ઝારખંડ, કેરળ, માહે, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને ઉત્તર પૂર્વીય રાજ્યોમાં પણ વરસાદ પડી શકે છે.

# AIR INDIA-WEST ASIA FLIGHTS

એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસ પશ્ચિમ એશિયા ક્ષેત્રમાંથી આજે 48 નિર્ધારિત અને ખાસ ફ્લાઇટ્સનું સંચાલન કરશે. બંને એરલાઇન્સ જેદ્દાહ અને મસ્કત માટે તેમની નિયમિત સેવાઓ ચાલુ રાખશે, જેમાં ભારત અને જેદ્દાહ વચ્ચે 16 ફ્લાઇટ્સનો સમાવેશ થાય છે. એર ઇન્ડિયા દિલ્હી અને મુંબઈથી એક-એક

રિટર્ન ફ્લાઇટનું સંચાલન કરશે, જ્યારે એર ઇન્ડિયા એક્સપ્રેસ બેંગલુરુ, હૈદરાબાદ અને કોઝિકોડથી ફ્લાઇટ્સનું સંચાલન કરશે.

દિલ્હી, કોઝિકોડ અને મુંબઈને આવરી લેતા મસ્કત માટે છ નિર્ધારિત ફ્લાઇટ્સનું સંચાલન કરવામાં આવશે. વધુમાં, એર ઇન્ડિયા દિલ્હીથી રિયાધ માટે બે રિટર્ન ફ્લાઇટ્સનું સંચાલન કરશે. સુનિશ્ચિત સેવાઓ ઉપરાંત, એરલાઇન્સ ઉપલબ્ધતા અને સ્થાનિક ઓપરેટિંગ પરિસ્થિતિઓના આધારે UAE અને સાઉદી અરેબિયા માટે 30 વિશેષ ફ્લાઇટ્સનું સંચાલન કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PAK-AF PAUSE FIGHTING

પાકિસ્તાન અને અફઘાનિસ્તાને ઈદ ઉલ-ફિત્રને ધ્યાનમાં રાખી તથા સાઉદી અરેબિયા, તુર્કી અને કતારની વિનંતી પર કામચલાઉ યુદ્ધવિરામની જાહેરાત કરી છે.

અફઘાન સરકારે કાબુલમાં એક પુનર્વસન હોસ્પિટલ પર થયેલા હુમલામાં 400 લોકોના મોતનો આરોપ લગાવ્યાના એક દિવસ બાદ આ જાહેરાત કરવામાં આવી છે.

પાકિસ્તાનના માહિતી મંત્રી અતાઉલ્લાહ તરારએ આ જાહેરાત કરી. પાકિસ્તાને જ્યાં ઓપરેશન ગઝબ લિલ હક દરમિયાન યુદ્ધ વિરામની જાહેરાત કરી છે. જ્યાં કેટલાક કલાકો બાદ અફઘાન સરકારના પ્રવક્તા જબિઉલ્લાહ મુઝાહિદે રક્ષણાત્મક અભિયાનોને અસ્થાયી રીતે સસ્પેન્ડ કરાયાની જાણકારી આપી, જોકી તેમણે એમ પણ કહ્યું કે આક્રમકતાની પરિસ્થિતમાં કાબુલ દ્રઢતાપૂર્વક જવાબ આપશે.

# ANTONIO GUTERRES - PAKISTAN STRIKE

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે કાબુલમાં એક હોસ્પિટલ પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ઘાતક હવાઈ હુમલાની કડક નિંદા કરી છે અને આ ઘટનાની સ્વતંત્ર તપાસ કરવાની હાકલ કરી છે. મહાસચિવના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ગુટેરેસે ભાર મૂક્યો હતો કે દર્દીઓ, તબીબી કર્મચારીઓ અને આરોગ્ય સુવિધાઓને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ સુરક્ષિત રાખવી જોઈએ. આ

નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે અફઘાન સરકારે કાબુલમાં એક પુનર્વસન હોસ્પિટલ પર થયેલા હુમલામાં પાકિસ્તાન પર 400 લોકોના મોતનો આરોપ લગાવ્યો હતો.

શ્રી ગુટેરેસે તણાવ ઓછો કરવા અને દુશ્મનાવટ તાત્કાલિક બંધ કરવા માટે પોતાના આહ્વાનને પુનરાવર્તિત કર્યું અને તમામ પક્ષોને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ તેમની જવાબદારીઓનું પાલન કરવા ખાસ કરીને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા વિનંતી કરી.

દરમિયાન મહાસચિવે ઈદના અવસર પર પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના કામચલાઉ યુદ્ધવિરામનું સ્વાગત કર્યું અને આશા વ્યક્ત કરી કે તે લંબાવવામાં આવશે.

# NAVRATRI STORY

શક્તિની ઉપાસનાના પર્વ ચૈત્ર નવરાત્રીનો આજથી પ્રારંભ થયો છે.આજે નવરાત્રિના પ્રથમ દિવસે માં શૈલપુત્રીની પુજા અર્ચના કરવામાં આવી રહી છે.વહેલી સવારથી જ દેશભરના મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે.

નવરાત્રી દેવી દુર્ગા અને તેમના નવ સ્વરૂપોની પૂજા માટે સમર્પિત ધાર્મિક તહેવાર છે. દરેક દિવસ માં દુર્ગાની અભિવ્યક્તિને સમર્પિત છે, જે શક્તિ, શુદ્ધતા અને બુદ્ધિનું પ્રતીક છે.

દર વર્ષે ચાર નવરાત્રીઓ ઉજવવામાં આવે છે, પરંતુ ચૈત્ર નવરાત્રી અને શારદીય નવરાત્રીનું મહત્વ અનેરું છે. ચૈત્ર નવરાત્રી વસંતઋતુના પ્રારંભ અને હિન્દુ નવા વર્ષની શરૂઆત સાથે સુસંગત છે, જે આધ્યાત્મિક શુદ્ધિકરણ અને નવી

શરૂઆતનું પ્રતીક છે. ભક્તો નવ દિવસ દરમિયાન ઉપવાસ રાખે છે. મંદિરો ભક્તિભાવથી ગુંજી ઉઠે છે.

## NARMADA PARIKRAMA

ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાનો ફાગણ વદ અમાસ આજથી પ્રારંભ થવા જઈ રહ્યો છે. પરિક્રમા કરનારા ભક્તોની શ્રદ્ધા અને આસ્થાને ધ્યાને રાખી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકા બૉર્ડ દ્વારા ભક્તો માટે વિશેષ સુવિધા કરવામાં આવી છે. ધાર્મિક આસ્થાનું અનોખું પ્રતિક બનેલી આ પરિક્રમા આગામી 17 એપ્રિલે પૂર્ણ થશે.

આ અંગે સાંભળીએ અમારાં સંવાદદાતા અપર્ણા ખુંટનો અહેવાલ.

(VOICECAST: APARNA KHUNT)

-----------------------------------------------